# સુરત જિ.પં.માં તમામ જૂના ચહેરા કપાયા

**માત્ર** ગીતાબેન પટેલ પર વિશ્વાસ, બાકીના સૌને આરામ

**પાવર** પોલિટિક્સ કે પછી વિવાદે ભોગ લીધો !

સુરતઃ સુરત જિલ્લા પંચાયતની ચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટીએ એક એવો નિર્ણય લીધો છે જે સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

મોડી રાત્રે જાહેર કરાયેલી યાદીમાં પાર્ટીએ લગભગ તમામ જૂના અને અનુભવી ચહેરાઓને બદલીને નવા ઉમેદવારોને તક આપી છે. 36 બેઠકો ધરાવતી જિલ્લા પંચાયતમાંથી માત્ર એક જ નામ રિપીટ કરાયું છે, જ્યારે બાકીના તમામને કાપી નખાયા છે. આ નિર્ણય ભાજપાની આંતરિક રણનીતિ અને સંગઠન પર પકડને દર્શાવે છે.

### પ્રમુખ પદના સપના અધૂરા રહ્યા !

રોહિત પટેલ અને અશ્વિન દાઢી જેવા નેતાઓ, જેઓ જિલ્લા પંચાયતના પ્રમુખ બનવાના દાવેદાર માનાતા હતા, તેમના નામ યાદીમાંથી ગાયબ રહ્યા. ઉમેદવારી ન મળતાં તેમના રાજકીય ભવિષ્ય પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે.

### 50% મહિલા અનામત વચ્ચે નવો સમીકરણો

સુરત જિલ્લા પંચાયતની 50 ટકા બેઠકો મહિલાઓ માટે અનામત હોવાને કારણે આ વખતે મહિલાઓની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની છે. ભાજપાએ આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નવા ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા છે, જે ભવિષ્યમાં મહિલા નેતૃત્વને મજબૂત બનાવવાનો પ્રયાસ માનવામાં આવે છે.

આ સમગ્ર યાદીમાં એકમાત્ર અપવાદ તરીકે ગીતાબેન વિજયભાઈ પટેલને ફરી તક આપવામાં આવી છે. તેઓ પહેલાના કાર્યકાળમાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા છે, જે દર્શાવે છે કે પાર્ટી તેમના અનુભવ અને કામગીરી પર હજુ વિશ્વાસ મૂકે છે. પરંતુ બાકીના તમામ નેતાઓને બહારનો રસ્તો બતાવવામાં આવ્યો છે, જે એક મોટો રાજકીય સંદેશ આપે છે. પાર્ટી હવે નવી ટીમ સાથે આગળ વધવા માગે છે.

ભાજપાનો આ નિર્ણય માત્ર ઉમેદવારો બદલવાનો નથી, પરંતુ તે પાર્ટીની આંતરિક રાજનીતિ અને ભવિષ્યની રણનીતિનો પણ ભાગ છે. શું આ ફેરફાર પરફોર્મન્સના આધારે થયો છે કે પછી પાવર પોલિટિક્સના કારણે? આ સવાલો હવે સ્થાનિક રાજકારણમાં ચર્ચાનો કેન્દ્ર બન્યા છે.

### જિલ્લા પંચાયત સીટ અને ઉમેદવારોની માહિતી

| ક્રમ | સીટનું નામ | ઉમેદવાર | ક્રમ | સીટનું નામ | ઉમેદવાર |
|---|---|---|---|---|---|
| 1 | અનાવલ | રમીલા પટેલ | 19 | માંગરોળ | નવીન વસાવા |
| 2 | અરેઠ | દર્શના ગામીત | 20 | મોર | ભાવના પટેલ |
| 3 | બાબેન | નિલા પટેલ | 21 | મોરા | ધર્મિષ્ઠા પટેલ |
| 4 | દેવગઢ | ગીતા પટેલ | 22 | ના.નરોલી | અંકિતા ગામીત |
| 5 | ધાણાવડ | સુધિર નકુમ | 23 | નવાગામ | ભુમિકા પટેલ |
| 6 | ઘંટોલી | નિરવ લાડ | 24 | ઓલપાડ | કિરણ પટેલ |
| 7 | ગોદાવાડી | નિમિષા રાઠોડ | 25 | પલસાણા | તેજસ દેસાઇ |
| 8 | હજીરા | નર્મદા પગેલ | 26 | પીંજરત | હેમંત પટેલ |
| 9 | ઝંખવાવ | ઉમેદ ચૌધરી | 27 | પીપોદરા | નસીમાંન પઠાણ |
| 10 | કડોદ | જ્યોતિ ચૌધરી | 28 | સાયણ | બ્રિજેશ પટેલ |
| 11 | કામરેજ | મહેશ સોલંકી | 29 | સુરાલી | અરૂણા ચૌધરી |
| 12 | કરચેલીયા | હિના પટેલ | 30 | તડકેશ્વર | આદિત્ય વસાવા |
| 13 | કારેલી | અરવિંદ રાઠોડ | 31 | ઉભેળ | બિરેનકુમાર રાઠોડ |
| 14 | ખોલવડ | સમીર મોદી | 32 | વાડી | સુનિતા વસાવા |
| 15 | કીમ | અનુ દેસાઇ | 33 | વલવાડા | હર્ષદ પટેલ |
| 16 | કોસંબા | અનિતા વસાવા | 34 | વાંકાનેર | ધર્મેશ રાઠોડ |
| 17 | લાજપોર | હાર્દિક પટેલ | 35 | વરાડ | નૈષધ રાઠોડ |
| 18 | મહુવા | હેમંતપટેલ | 36 | વરેલી | રેખા રાઠોડ |

# દર્શન નાયક પ્રબળ દાવેદાર છતાં ટિકિટ નહીં મળતાં અસંતોષ

**પ્રદેશ** મહામંત્રી દર્શન નાયકે રાષ્ટ્રીય નેતૃત્વને આક્ષેપભર્યો પત્ર લખ્યો

**ઉમેદવારી** પ્રક્રિયામાં અવગણના, ભાજપ સાથે સાંઠગાંઠના ગંભીર આરોપ લગાવ્યા

સુરતઃ સુરત જિલ્લામાં કોંગ્રેસ પક્ષમાં આંતરિક અસંતોષ હવે ખુલ્લેઆમ સામે આવતો દેખાઈ રહ્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક પ્રબળ અને મજબૂત દાવેદાર હોવા છતાં ટીકીટ આપી નહોતી. તેમને પક્ષના રાષ્ટ્રીય તથા રાજ્યના ટોચના નેતૃત્વને એક આક્ષેપભર્યો પત્ર લખી સંગઠનની કાર્યશૈલી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

પત્રમાં દર્શન નાયકે જણાવ્યું છે કે તેઓ છેલ્લા 25 વર્ષથી કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે જોડાયેલા રહી દલિત, આદિવાસી, મુસ્લિમ અને ઓબીસી સમાજ સહિત ખેડૂતો અને સામાન્ય લોકોના પ્રશ્નો માટે સતત સંઘર્ષ કરતા આવ્યા છે. નાયકે દાવો કર્યો છે કે તેઓ જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ, જિલ્લા પંચાયતના વિરોધપક્ષના નેતા અને પ્રદેશ મહામંત્રી જેવા મહત્વના હોદ્દા પર રહી ચૂક્યા હોવા છતાં પાર્ટી દ્વારા તેમની સતત અવગણના કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે પોતાની રાજકીય પ્રગતિને કારણે કોંગ્રેસના કેટલાક હોદ્દેદારોએ ભાજપ સાથે મળીને 2021 અને 2022ની ચૂંટણીમાં તેમને હરાવવાનો પ્રયાસ કર્યો હતો. પત્રમાં ઉલ્લેખ છે કે સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખપદ માટે કાર્યકર્તાઓ દ્વારા તેમનું નામ સૂચવાયું હોવા છતાં તેમને પદ આપવામાં આવ્યું નહીં. તેમ છતાં તેઓએ પક્ષ પ્રત્યે વફાદારી જાળવી રાખી અને ભાજપ સરકાર સામે સતત લડત ચાલુ રાખી હોવાનું જણાવ્યું છે.

### ઉમેદવારી પ્રક્રિયામાં ગેરરીતિના આરોપ

તાજેતરમાં યોજનારી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મહાનગર પાલિકા અને નગરપાલિકા ચૂંટણીમાં ઉમેદવારી પસંદગી અંગે પણ નાયકે ગંભીર આક્ષેપ કર્યા છે. તેમણે જણાવ્યું કે, તેમની પાસે કોઈ ટિકિટની માંગ નહોતી. જિલ્લામાં માત્ર પાંચ સામાન્ય બેઠકો હોવા છતાં યોગ્ય ઉમેદવાર પસંદગી કરવામાં આવી નથી. છેલ્લા 10 વર્ષમાં પાર્ટી મિટિંગમાં હાજરી ન આપનારા અને ભાજપ સાથે જોડાયેલા લોકોને ઉમેદવાર બનાવાયા છે.

### કોંગ્રેસ ચૂંટણીમાં નબળો દેખાવ કરવાની વાત કરી

આ પ્રકારની ગેરવ્યવસ્થા કારણે સુરત જિલ્લામાં કોંગ્રેસને નબળું પરિણામ મળશે. તેમણે વધુમાં જણાવ્યું કે ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાવાની શક્યતા છે અને આ તમામ નિષ્ફળતાનો દોષ તેમની ઉપર નાખવાનો પ્રયાસ થઈ શકે છે. પત્રના અંતમાં નાયકે સ્પષ્ટ કર્યું છે કે તેમને વ્યક્તિગત કોઈ દુઃખ કે અફસોસ નથી, પરંતુ પાર્ટીના હિતમાં તેઓ આ મુદ્દા નેતૃત્વના ધ્યાન પર લાવવા માગે છે. તેમણે જણાવ્યું કે તેમની લડત ભ્રષ્ટાચાર, ખેડૂતો અને સામાન્ય નાગરિકોના હક્ક માટે સતત ચાલુ રહેશે.

# મોડલને 13 વર્ષ ભોગવી ફેક્ટરીના માલિકે રૂપિયા 79 લાખ ખંખેર્યા

**પોતાને** કુંવારો ગણાવી મોટા વરાછાના શખ્સે ખેલ્યો 'ખેલ': પત્ની અને માતા-પિતા સહિત ૫ સામે રેપની FIR

સુરતઃ પોશ ગણાતા અઠવા વિસ્તારમાં રહેતી એક મોડેલ સાથે પ્રેમ અને લગ્નની માયાજાળ રચી તેનું ૧૩ વર્ષ સુધી શારીરિક શોષણ કરી કરોડોની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મોટા વરાછાના કોપર વાયર ફેક્ટરીના માલિકે પોતાને કુંવારો ગણાવી મોડેલને પ્રેમજાળમાં ફસાવી હતી અને લગ્નનું વચન આપી વારંવાર દુષ્કર્મ કર્યું હતું. એટલું જ નહીં, હવસખોર યુવકે મોડેલ પાસેથી રોકડ અને દાગીના મળી કુલ રૂ. ૭૯.૪૦ લાખ પડાવી લીધા હતા. આખરે યુવક પરણિત હોવાનું બહાર આવતા અઠવા પોલીસે આરોપી, તેની પત્ની અને પરિવારના સભ્યો સહિત પાંચ સામે બળાત્કારનો ગુનો નોંધ્યો છે. મોડેલિંગ ક્ષેત્ર સાથે જોડાયેલી પીડિતા ૨૦૧૩માં મિત્રો મારફતે સંજયકુમાર ધરમશીભાઈ ભીંગરાડિયાના સંપર્કમાં આવી હતી. સંજયે પોતાની મોટી ફેક્ટરી હોવાનું અને પોતે કુંવારો હોવાનું કહી મોડેલ સાથે લગ્નની વાત કરી હતી. વિશ્વાસમાં લઈને સંજયે શહેરની વિવિધ હોટેલોમાં મોડેલ સાથે અનેકવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ પાપમાં સંજયના માતા-પિતા અને ભાઈએ પણ સાથ આપી સંજય કુંવારો હોવાનું જુઠ્ઠું બોલી મોડેલને અંધારામાં રાખી હતી. ૧૩ વર્ષના લાંબા ગાળા બાદ જ્યારે યુવક પરણિત હોવાનું ખુલ્યું ત્યારે મોડેલના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

### દાગીના, આઇફોન, એપલવોચ અને વિદેશી કરન્સી પણ પડાવી લીધી

હવસખોર સંજય ભીંગરાડિયાએ માત્ર શારીરિક જ નહીં પણ આર્થિક રીતે પણ મોડેલને કંગાળ બનાવી દીધી હતી. સંજયે પોતાની આર્થિક જરૂરિયાતોનું બહાનું બતાવી મોડેલ પાસેથી ટુકડે-ટુકડે રૂ. ૭૯.૪૦ લાખ પડાવ્યા હતા. જેમાં બેંક ટ્રાન્સફર ઉપરાંત મોટી માત્રામાં રોકડ, સોનાના દાગીના, લેટેસ્ટ આઈફોન, એપલ વોચ, મોંઘા લેપટોપ અને પ્રોફેશનલ કેમેરાનો સમાવેશ થાય છે. એટલું જ નહીં, વિદેશ જવાના બહાને વિઝા માટે યુરો અને જર્મન કરન્સી પણ મોડેલ પાસેથી લખાવી લીધી હતી.

### મોટા વરાછાના 'પ્રીન્સેસ હાઉસ'માં પોલીસ ત્રાટકશે

અઠવા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપીઓ મોટા વરાછાના તળાવ પાસે મેઈન રોડ પર આવેલા 'પ્રીન્સેસ હાઉસ'માં રહે છે. મોડેલે ફરિયાદમાં સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે લગ્નની લાલચ આપી તેને છેતરીને તેની મરજી વિરુદ્ધ સંબંધો બાંધવામાં આવ્યા હતા.અઠવા પોલીસે સંજયકુમાર ધરમશીભાઈ ભીંગરાડીયા (રહે,પ્રીસેસ હાઉસ, મેઈન રોડ તળાવ પાસે મોટા વરાછા). તેના પિતા ધરમશીભાઈ કાનજીભાઈ ભીંગરાડીયા, માતા કાશીબેન ધરમશીભાઈ ભીંગરાડીયા, તેના ભાઈ મહેશભાઈ ધરમશીભાઇ ભીંગરાડીયા અને સંજયની પત્ની નયનાબેન ભીંગરાડીયા (તમામ રહે. એજન) સામે IPCની વિવિધ કલમો હેઠળ બળાત્કાર, છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કર્યો છે. ૧૩ વર્ષના પુરાવાઓ એકત્રિત કરવા માટે પોલીસે બેંક સ્ટેટમેન્ટ અને હોટેલના રેકોર્ડ્સ ચકાસવાની કાર્યવાહી પણ શરૂ કરી દીધી છે.

### દીકરાના પાપમાં પત્ની અને માતા-પિતા પણ ભાગીદાર

આ સમગ્ર કેસમાં સૌથી આઘાતજનક બાબત એ છે કે સંજયના આ કૃત્યમાં તેના પરિવારે પણ પૂરતો સાથ આપ્યો હતો. મોડેલ જ્યારે સંજયના ઘરે જતી ત્યારે તેના પિતા ધરમશીભાઈ, માતા કાશીબેન અને ભાઈ મહેશભાઈ પણ સંજય કુંવારો હોવાનું રટણ કરતા હતા. હદ તો ત્યાં થઈ કે સંજયની અસલી પત્ની નયનાબેને પણ આ સત્ય છુપાવી રાખી મોડેલને છેતરવામાં મદદ કરી હતી. પોલીસે આ મામલે સંજય સહિત પિતા ધરમશી કાનજી ભીંગરાડિયા, માતા કાશીબેન, ભાઈ મહેશ અને પત્ની નયનાબેન સામે ગુનો નોંધી પરિવારના પાપના ચીઠ્ઠા ખોલવાની તજવીજ હાથ ધરી છે.

### મોડેલને તરછોડી લેન્ટિવિયામાં સેટલ થઈ ગયો

સુરત : 36 વર્ષીય મોડેલ જર્મનીમાં જોબ છોડી સુરતમાં મોડેલિંગ કરવા આવી ગઈ હતી.આ દરમિયાન તે અઠવાગેટ વિસ્તારમાં રહી વરાછાના એક સ્ટુડિયોમાં મોડેલિંગની કામ કરવા લાગી હતી.આ દરમિયાન સ્ટુડિયોના માલિક હસ્તે 49 વર્ષીય સંજય સાથે મોડેલની મિત્રતા થઈ હતી. જે બાદ સંજય લગ્નનો વાયદો કરી શારીરિક અને આર્થિક શોષણ કરી જર્મનીમાં કમાયેલી મૂડી પણ હડપી લીધી હતી. મોડેલને સંજય પરિણીત હોવાનો શક જતા તે ત્રણ વર્ષથી લેન્ટિવિયા શિફ્ટ થઈ ગયો હતો.ત્યાં પોતાનો બીઝનેસ શરૂ કરી મોડેલ સાથે સંપર્ક તોડી દીધો

# ઈચ્છાપોરમાંથી પંજાબી યુવાન હેરોઈન સાથે ઝડપાયો

**પાલ** RTO પાસેથી ભુલ્લર નામના શખ્સ પાસેથી જથ્થો મેળવ્યો હોવાની કબૂલાત

સુરતઃ ઈચ્છાપોરની બાપા સીતારામ સોસાયટીમાં ડ્રગ્સના વેચાણની પ્રવૃત્તિ ચાલતી હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી પંજાબી શખ્સને ૧.૪૧ ગ્રામ મિક્સ હેરોઈનના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

મળતી વિગત મુજબ, ઈચ્છાપોર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફને બાતમી મળી હતી કે મોરા ગામ ખાતે આવેલી બાપા સીતારામ સોસાયટીના પ્લોટ નંબર એ/૧૫૧ના ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતો સરબજીતસિંઘ ઉર્ફે સુરજીતસિંઘ સડીઓરા નામનો શખ્સ પોતાના કબજામાં હેરોઈન રાખી વેચાણ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે સરકારી પંચોને સાથે રાખી ગત રાત્રે કલાકે બાતમીવાળા મકાનમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન આરોપી સરબજીતસિંઘના પેન્ટના ખિસ્સામાંથી માચીસના બોક્સમાં સંતાડેલો૨૮,૨૦૦ કિંમતનો ૧.૪૧ ગ્રામ મિક્સ હેરોઈન મળી આવ્યું હતું.

આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, તેણે આ જથ્થો પાલ આરટીઓ ગેટ પાસેથી ભુલ્લર નામના શખ્સ પાસેથી ૫,૦૦૦માં ખરીદ્યો હતો. આરોપી પોતે પણ નશાનો આદી હોવાનું અને વધારાનો જથ્થો વેચીને ખર્ચ કાઢવા માંગતો હોવાનું પોલીસ સમક્ષ જણાવ્યું હતું. પોલીસે સરબજીતસિંઘની ધરપકડ કરી ડ્રગ્સ સપ્લાય કરનાર ભુલ્લરને વોન્ટેડ જાહેર કર્યો છે.

# સુરતમાં મહિલા પોલીસ અને બાળકીના મોતથી ચિંતા

**વલસાડના** કોસંબાના ગાયત્રીબેન અલથાણ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા

સુરતઃ શહેરના પાંડેસરા અને આસપાસના વિસ્તારમાં આરોગ્ય સંબંધિત ગંભીર પરિસ્થિતિ સામે આવી છે, જેમાં પેટમાં દુખાવો, ઊલટીઓ અને શરદી જેવા લક્ષણોને કારણે બે અલગ-અલગ બનાવોમાં મોત નોંધાયા છે.

પ્રથમ બનાવમાં, મૂળ વલસાડ જિલ્લાના કોસંબા ગામની વતની અને હાલ પાંડેસરા હરિઓમ નગરમાં રહેતી ૪૭ વર્ષીય ગાયત્રીબેન પટેલ, અલથાણ પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. છેલ્લા ૩૩ વર્ષથી પોલીસ વિભાગમાં સેવા આપતી ગાયત્રીબેનને ૯મીએ રાત્રે અચાનક પેટમાં દુખાવો શરૂ થયો હતો. ત્યારબાદ તેમને સતત ઊલટીઓ થવા લાગી. તેમની તબિયત બગડતાં ૧૦મીએ સવારે તેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. તેમના અવસાનથી પોલીસ વિભાગ અને પરિવાર બંનેમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. બીજા બનાવમાં, પાંડેસરા જય મહાદેવ નગરમાં રહેતા એક શ્રમિક પરિવારની નવ મહિનાની બાળકી રિધ્ધિનું મોત થયું હતું. બાળકી છેલ્લા એક અઠવાડિયાથી શરદીથી પીડાતી હતી અને ખાનગી હોસ્પિટલમાંથી દવા લઈ રહી હતી. પરંતુ ૯મીએ સવારે તેની તબિયત વધુ બગડતાં તેને શ્વાસ લેવામાં તકલીફ પડી. તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

# કિશોરીને ભગાડી બળાત્કાર કરનાર યુવકને ૨૦ વર્ષની કેદ

**કામરેજ** પોલીસ બંનેને નબીપુરથી લઈ આવી હતી

**ભોગ** બનનારે નિવેદનમાં શરીર સંબંધની પુષ્ટિ કરતાં પોક્સો એક્ટનો ઉમેરો કરાયો હતો

સુરતઃ સગીર વયની કિશોરીને ભગાડી લઈ જઈ બળાત્કાર ગુજારનાર આરોપી યુવકને પોક્સો કોર્ટે ૨૦ વર્ષની સજા અને રૂપીયા ૧.૩૦ લાખનો દંડ ફટકાર્યો હતો.આ કેસની હકીકત મુજબ તા.૦૧.૦૬.૨૦૨૩ના રોજ ફરિયાદી પિતા પોતાની દિકરીને ટ્યુશને જવા માટે સાળીનાં ઘરે મુકી આવ્યાં બાદ સાંજના પાંચેક વાગ્યાના સમયે ટ્યુશન પરથી શિક્ષકનો ફોન આવ્યો હતો કે તેમની દિકરી ટ્યુશને આવી નથી. જેથી તપાસ કરતાં દિકરી મળી આવી ન હતી. આ અંગે દિકરી જોડે વાતચીત કરનાર યુવક પર શંકા જતાં કામરેજ પોલીસ સ્ટેશને આરોપી અભયકુમાર વિનોદ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે આરોપી સામે દુષ્કર્મ કરવા ફરિયાદીનાં વાલીપણાંમાંથી ભોગબનનારને ભગાડી ગયાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ભોગબનનાર તથા આરોપી નબીપુર વિસ્તારમાંથી મળી આવતા પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

પોલીસે ભોગબનનાર તથા આરોપીના નિવેદનો નોંધતા, આરોપીએ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરૂધ્ધ એક થી વધુ વાર શારિરીક સબંધ બાંધ્યો હોય પોલીસે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨) (જે) (એન) તથા કલમ-૩૭૬(૩) તેમજ પોકસો એક્ટની કલમ- ૩(એ) ના ભંગ બદલ કલમ-૪, કલમ-૫(એલ) ના ભંગ બદલ કલમ-૬ અને ૮ મુજબના ગુનો બનતા હોવાની કલમ ઉમેરાનો રીપોર્ટ કરતા કોર્ટે રીપોર્ટ ગ્રાહ્ય રાખ્યો હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી પોકસો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ વિશાલ ફળદુએ દલીલો કરી હતી.

ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ થતાં પોકસો કોર્ટે આરોપી અભયકુમાર વિનોદ પટેલને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સજા અને રૂપિયા ૧.૩૦ લાખનો દંડ ફટકાર્યો હતો.

# લક્ષ્મી રેસિડેન્સીમાં ગજેરા બંધુએ નબળી લિફ્ટ નાંખી દીધી

**ફ્લેટ** હોલ્ડર્સે સ્વખર્ચે નાંખેલી લિફ્ટના નાણાં વાર્ષિક ૮% વ્યાજ સાથે ચૂકવવા હુકમ

**ગુજરાત** સ્ટેટ કમિશને સુરત જિલ્લા ગ્રાહક કોર્ટનો હુકમ માન્ય રાખ્યો

સુરતઃ કતારગામ વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટમા ખામી યુકત લીફ્ટ પરત લઈ નવી આઈ.એસ.આઈ માર્કવાળી ઓટોમેટીક ૨ લીફ્ટ ઈન્સ્ટોલ કરી આપવાનો સુરત જિલ્લા ગ્રાહક કમિશનનો આદેશ ગુજરાત સ્ટેટ કમિશને માન્ય રાખી લક્ષ્મી શેલ્ટર્સ અને ભાગીદારો વસંત ગજેરા, અશોક ગજેરાએ કરેલી અપીલ ફગાવી દીધી હતી.

ફ્લેટ ધારક રસીકભાઈ ગોંડલિયા સહિત ૧૮ ફ્લેટ હોલ્ડરોએ એડવોકેટ શ્રેયસ દેસાઈ મારફતે ગ્રાહક કોર્ટમાં મેસર્સ લક્ષ્મી સેલ્ટર્સ અને ભાગીદારો વસંતભાઈ હરિભાઈ ગજેરા, અશોક ગજેરા અને અજયભાઈ હરિભાઈ ચોકસી વિરૂધ્ધ બે અલગ અલગ ફરિયાદ કરી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ સુરતના કતારગામ વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૧૯ (કતારગામ) ના ફાયનલ પ્લોટ ૯૦, ૯૪ વાળી જમીનમાં લક્ષ્મી રેસીડેન્સી નામના એપાર્ટમેન્ટમાં ફ્લેટ બુક કરાવનારને ઉત્તમ કક્ષાનું બાંધકામ અને ૨ અદ્યતન લીફ્ટની સુવિધાવાળી અને કલીયર અને માર્કેટેબલ ટાઈટલવાળી મિલ્કત પ્રાપ્ત થશે એવી ખાતરી, વિશ્વાસ અને ભરોસો આપતાં ફરિયાદીઓએ ફ્લેટ બુક કરાવ્યાં હતાં. પરંતુ લક્ષ્મી રેસીડેન્સી, બિલ્ડીંગ-ઈ એપાર્ટમેન્ટની બે લિફ્ટમાં ગંભીર ખામીઓ શરું થઈ ગઈ હતી. જેમકે લિફ્ટ વારંવાર બંધ પડી જવી, તા. 02/09/2012ના રોજ એક બાળક લિફ્ટમાં ફસાઈ જતાં ફાયર બ્રિગેડને બોલાવવી પડી હતી. તેમજ એક યુવતી લિફ્ટમાં ફસાઈ ગઈ હતી અને તા. 29/05/2013ના રોજ લિફ્ટનો દરવાજો તૂટી જતા લિફ્ટ નીચે ધસી આવી હતી. આ પ્રકારે વારંવાર દુર્ઘટના બનતાં સામાપક્ષને જાણ કરવામાં આવી હતી. પરંતુ સામાપક્ષે કોઈ દાદ ન મળતાં ગ્રાહક સુરક્ષા કોર્ટમાં ફરિયાદ કરાઈ હતી. ફરિયાદી તરફે એડવોકેટ શ્રેયસ દેસાઈએ બંને કેસમાં દલીલો કરતાં જણાવ્યું હતું કે, ફરિયાદવાળુ બિલ્ડીંગ ૧૩ માળનું બહુમાળી બિલ્ડીંગ છે. જેમાં સારી કાર્યક્ષમ લિફ્ટ આપવાની બિલ્ડરની ફરજ છે.

આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ સૂરત જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (એડીશનલ) ના તત્કાલિન પ્રમુખ ન્યાયાધીશ એસ. જે. શેઠએ સામાવાળાઓને ખામીયુક્ત લીફ્ટ પરત લઈ તેના બદલે નવી આઈ.એસ.આઈ. માર્કવાળી સ્ટાન્ડર્ડ કંપનીની લીફ્ટ ઈન્સ્ટોલ કરવા તેમજ લીફ્ટના ઈનવોઈસ, વોરંટી કાર્ડ તેમજ સમક્ષ અધિકારી દ્વારા અપાયેલ લાયસન્સ ફરિયાદીઓને આપવાનો હુકમ કર્યો હતો. આ હુકમથી નારાજ મે. લક્ષ્મી શેલ્ટસ અને તેના ભાગીદારોએ ગુજરાત સ્ટેટ કમિશન સમક્ષ અપીલ કરીને સુરત કમિશનનો હુકમ પડકાર્યો હતો અને હુકમને રદ કરવાની દાદ માંગી હતી.

આ અપીલની સુનાવણી બાદ ગુજરાત સ્ટેટ કમીશનના ઈન્ચાર્જ પ્રેસિડેન્ટ આઈડી. પટેલ અને મેમ્બર જે.જી. મેકવાની બેંચે લક્ષ્મી શેલ્ટસની બંને અપીલો રદ કરી સુરત જિલ્લા કમિશન કમિશનનાં હુકમને માન્ય રાખ્યો હતો. તેમજ ફ્લેટ હોલ્ડરઓએ પોતાના ખર્ચે નવી લિફ્ટ ઇન્સ્ટોલ કરાવી દીધી હતી. જેમાં સ્ટેટ કમિશનએ નવી લિફ્ટના ખર્ચની રકમ વાર્ષિક ૮% ના વ્યાજ સહિત ફરિયાદીઓને ચૂકવવાનો લક્ષ્મી શેલ્ટસ અને તેના ભાગીદારોને હુકમ કર્યો હતો.

# સુરતમાં જામીન અરજી નામંજૂર થાય ને હાઈકોર્ટમાં બે મિનિટમાં મંજુર થાય

**બીજીસીના** ચુંટાયેલા સભ્યોનાં અભિવાદન સમારોહમાં સિનિયર વકીલ રાજેશ ઠાકરીયાની ગંભીર ટકોર

સુરતઃ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ચૂંટણી-૨૦૨૬માં ઝકી મુખ્તિયાર શેખ, પ્રીતિ જોશી, હરેશભાઈ નાકરાણી, હિરલ પાનવાલા, હિતેશ પટેલ, ભાવેશ રબારીનો ભવ્ય વિજય થતાં ગઈકાલે મોડી સાંજે ભીમરાડ ગોવિંદજી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે અભિવાદન અને સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વકીલો હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે સિનિયર વકીલ રાજેશ ઠાકરીયાએ ગંભીર ટકોર કરતાં પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સુરત માટે હાઈકોર્ટની બેંચ માટે આ છ સભ્યોએ હવે પ્રયત્નશીલ થવું પડશે. કેમ કે જે કેસોમાં અહીંયા રાહત મળવી જોઈએ એ રાહત હાઈકોર્ટમાં મળે છે. એકના એક ચુકાદા એકના એક પેપર, અહીંયા જામીન અરજી નામંજૂર થાય અને હાઈકોર્ટમાં બે મિનિટમાં મંજુર થઈ જાય છે.

ચુકાદા બદલાતા નથી કે પોલીસ પેપર બદલાતા નથી એટલે જ હાઈકોર્ટ બેન્ચની જરૂર છે જે ન્યાય અહીંયાથી થઈ જતો હોય એને ઉપર જવું ન પડે. સિસ્ટમ બદલાવવી જોઈએ. લોકઅદાલત સંદર્ભે પણ ગંભીર ટકોર કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ પણ હાઈકોર્ટની સાથે સુરતમા ટ્રિબ્યુનલોની જરુરિયાત પર ભાર મુકયો હતો. તેમજ વિજેતા સભ્યોને અભિનંદન પાઠવી બારનાં હિતમાં કામ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રંસગે સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ, કિરીટ પાનવાલા, સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, સંજય પટેલ(પાલ), જાવેદ મુલતાની વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ભાજપના 120,...

મનપાની ચૂંટણીમાં છ ઉમેદવારો નહીં મળતા માત્ર 114 ઉમેદવારો દ્વારા જ ઉમેદવારી કરવામાં આવી હતી. ત્રણ મોટા રાજકીય પક્ષો દ્વારા ઓછા ફોર્મ ભરાયા હતા પરંતુ આ સત્તાવાર ઉમેદવારો કરતાં અપક્ષ અને ડમી ઉમેદવારોના કારણે કુલ ફોર્મની સંખ્યા અસાધારણ રીતે વધી ગઈ છે. અંતિમ દિવસે જ ૪00થી વધુ ફોર્મ ભરાયા હોવાનું જાણવા મળ્યું,.

આ આંકડા ચુંટણીપંચની વેબસાઈટ ઉપર રાત્રે બતાવતા હતા. જોકે ત્યાર પછી પણ ગણતરી ચાલુ રહી હતી. જે દર્શાવે છે કે ચૂંટણી માત્ર પક્ષો વચ્ચે નહીં પરંતુ વ્યક્તિગત સ્તરે પણ ભારે સ્પર્ધા બની ગઈ છે. એક જ ઉમેદવાર દ્વારા એકથી વધુ ફોર્મ ભરવાની તેમજ પક્ષોએ ડમી ઉમેદવારો ઉભા કરવાના પગલાંએ આ આંકડાઓને વધુ ઊંચા પહોંચાડ્યા છે. જિલ્લા અને તાલુકા સ્તરે પણ આવું જ દ્રશ્ય જોવા મળ્યું. જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો માટે ૧૨૫ ઉમેદવારો મેદાનમાં છે, જ્યારે તાલુકા પંચાયતની ૨૦૪ બેઠકો માટે પણ ભારે પડાપડી જોવા મળી. ભાજપે અહીં તમામ બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા છે, જ્યારે કોંગ્રેસ અને આપે કેટલાક વિસ્તારોમાં યોગ્ય ઉમેદવારના અભાવે પીછેહઠ કરી છે. અંતિમ દિવસે ઉમેદવારો અને સમર્થકોની ભીડને કારણે ચૂંટણી કચેરીઓમાં ગડબડભર્યો માહોલ રહ્યો. સમય મર્યાદા પછી પણ ટોકન સિસ્ટમ દ્વારા ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી હતી.

### મતદારયાદીમાં નામ...

જેના કારણે મારી ઉમેદવારી અટવાઈ પડી છે. ફોર્મમાં થયેલી ભૂલ અને ટેક્નિકલ અવરોધથી હતાશ થઈને ગૌશાલીએ આ પગલું ભર્યું હતું. ફીનાઈલ પી લેતા પેટમાં દુખાવો થતાં ગૌશાલી ગાંગાણીને 108માં નવી સિવિલ હોસ્પિ.માં ખસેડવામાં આવી હતી. ગૌશાલીને જ્યારે નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. ત્યારે તે ભાનમાં હતી. હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં તેને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે 5/C વોર્ડમાં દાખલ કરવામાં આવી છે.

### ભાજપ અને...

હાજરીમાં ભાજપના કાર્યકરોએ 'મોદી-મોદી'ના નારા લગાવ્યા હતા, જેના જવાબમાં આપના કાર્યકરોએ સુત્રોચ્ચારો કર્યા હતા. બંને પક્ષે સુત્રોચ્ચારો ઉગ્ર બન્યા અને તેમાં પણ ભાજપના કાર્યકરો દ્વારા આપનો ખેસ જમીન પર ફેંકી દઈને તેને પગ નીચે કચડીને 'ભારત માતા કી જય'ના નારા લગાડવામાં આવતાં માહોલ તંગ થઈ ગયો હતો. પરિસ્થિતિ ગમે ત્યારે ઘર્ષણમાં ફેરવાય તેવી ભીતિ ઉભી થઈ હતી. જોકે, પોલીસે તૂરંત બંને જુથોને અલગ કરવા માટે માનવ સાંકળ બનાવીને મામલો કાબુમાં લીધો હતો. આ માથાકૂટમાં કોઈને શારીરિક ઈજા થઈ નહોતી પરંતુ લાંબા સમય સુધી કચેરી પરિસરમાં તણાવપૂર્ણ માહોલ યથાવત રહ્યો હતો.

### ભાજપમાં ભડકો:...

ભાજપમાં આંતરિક અસંતોષ સપાટી પર આવી ગયો છે. શિસ્તબદ્ધ પાર્ટી ગણાતી ભાજપમાં આ વખતે ટિકિટ વહેંચણી મુદ્દે વિવિધ સમાજોમાંથી ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. ગત રોજ રાત્રે અંદાજે 11 વાગ્યે ભાજપ દ્વારા ઉમેદવારોની ફાઈનલ યાદી જાહેર થતાં જ અનેક વોર્ડમાં અસંતોષ ફાટી નીકળ્યો હતો. ખાસ કરીને કેટલાક વોર્ડમાં આયાતી ઉમેદવારોને સ્થાન અપાતા સ્થાનિક કાર્યકરોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો. રાત્રે જ મોટી સંખ્યામાં કાર્યકરો શહેર ભાજપ કાર્યાલય ખાતે એકત્ર થઈ વિરોધ નોંધાવ્યો હતો.

વોર્ડ નં. 20 (ખટોદરા-મજુરા-સગરામપુરા)માં પ્રતિભા દેસાઈને ઉમેદવાર જાહેર કરતાં સ્થાનિક કાર્યકરોમાં નારાજગી ફાટી નીકળી હતી. વર્ષોથી કાર્યરત સ્થાનિક મહિલા કાર્યકરો હોવા છતાં બહારના વોર્ડમાંથી ઉમેદવાર લાવવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરી ભાજપ કાર્યાલયે વિરોધ પ્રદર્શન કરાયું હતું. તેમ છતાં, આજે આયાતી ઉમેદવારે રંગેચંગે દાવેદારી નોંધાવતા વિવાદ યથાવત રહ્યો છે. જયારે વોર્ડ નંબર 8માં એસટી બેઠક પર વોર્ડ નંબર 2 ના નેતા ભુપેન્દ્ર રાઠોડને ટિકીટ અપાતા સ્થાનિક કાર્યકરોમાં નારાજગી જોવા મળી છે. બીજી તરફ, સિંધી સમાજમાં પણ ભારે નારાજગી જોવા મળી રહી છે. સમાજના આગેવાનો દ્વારા ભાજપ કાર્યાલય ખાતે રજુઆત કરીને એકપણ ટિકિટ ફાળવવામાં ન આવતાં અસંતોષ વ્યક્ત કર્યો હતો. પૂર્વ સ્થાયી અધ્યક્ષ અનિલ ગોપલાણી વોર્ડ નં. 22માંથી મજબૂત દાવેદાર હોવા છતાં તેમને તક ન અપાતા સમાજમાં અસંતોષ વધુ ગાઢ બન્યો છે.

વોર્ડ નં. 21 (સોની ફળિયા-નાનપુરા-અઠવા-પીપલોદ) અને વોર્ડ નં. 22 (ભટાર-વેસુ-ડુમસ)માં રાજસ્થાની-માહેશ્વરી સમાજમાંથી બે મહિલાઓને ટિકિટ ફાળવતા અગ્રવાલ સમાજમાં ભારે ભડકો થયો હતો. વોર્ડ નં. 21માં દીપિકા અંકેશભાઈ ધૂત અને વોર્ડ નં. 22માં રશ્મી સાબુને ઉમેદવાર બનાવાતા અગ્રવાલ સમાજના આગેવાનો દ્વારા રાત્રે જ ભાજપના નેતૃત્વ સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. આ દબાણને પગલે ભાજપે વહેલી સવારે ડેમેજ કંટ્રોલ હાથ ધરતાં વોર્ડ નં. 21માં ફેરફાર કર્યો હતો. દીપિકા ધૂતનું નામ હટાવીને રાજસ્થાની અગ્રવાલ સમાજમાંથી સુમનદેવી ગર્ગને ઉમેદવાર તરીકે ટિકિટ ફાળવવામાં આવી હતી. આ સમગ્ર ઘટનાક્રમે ભાજપમાં ટિકિટ વહેંચણી મુદ્દે ઊભેલા આંતરિક અસંતોષ અને સમાજ આધારિત દબાણની રાજનીતિને ફરી એકવાર બહાર લાવી છે.

### ઉતર ભારતીય...

જોવા મળ્યો હતો. સુરત શહેરનાં લિંબાયત - ઉધના અને પાંડેસરા સહિત ભેસ્તાન અને ડિંડોલીમાં ભારે સંખ્યામાં વસવાટ કરતાં ઉત્તર ભારતીય સમાજ ભાજપની કટ્ટર વોટબેંક છે.

### 'જાતિવાદ અને...

પર છલકાઈ રહ્યું છે. જેને પગલે આગામી દિવસોમાં ભાજપમાં ભડકો થવાની શક્યતાઓ પણ જોવા મળી રહી છે. શહેર સંગઠનમાં હોવા છતાં ટિકીટની માંગણી કરનાર બિપીન પટેલ (ગાયત્રી)એ સોશિયલ મીડિયામાં 'જાતિવાદ-જિલ્લાવાદ જિંદાબાદ' સહિત પરિવારવાદ જોવા મળ્યો હોવાના આક્ષેપો કર્યા હતા તો કેટલાક ઉમેદવારો દ્વારા ટિકીટ ન મળતાં ભારે હૈયે પાર્ટીને વફાદાર રહેવાની પણ પોસ્ટ મુકીને પોતાની વ્યથા ઠાલવી હતી.

### વંદના ઘોઘારી...

ટિકીટ અપાતા પ્રજાપતિ સમાજમાં કચવાટ જોવા મળ્યો છે. કેમકે વંદના ઘોઘારીએ પાટીદાર સમાજમાં લગ્ન કર્યા છે. અને તેના સોશિયલ મીડિયાના એકાઉન્ટમાં પણ વંદના ઘોઘારી નામ હતું. જો કે ઓબીસી મહિલા ઉમેદવાર તરીકે ભાજપે તેને ટિકીટ આપી પ્રજાપતિ અને પાટીદાર સમાજને એક જ ઉમેદવારમાં સાચવવા કોશિષ કરી પરંતુ પ્રજાપતિ સમાજના નારાજગી ફેલાઇ છે.

### AAPના પ્રવક્તા...

ફસાવી હતી.લગ્નના પવિત્ર સંબંધની લાલચ આપી આરોપી કાળુ વઘાસિયા મહિલાને તેના ઘરે તેમજ શહેરની અલગ-અલગ લક્ઝુરિયસ હોટેલોમાં લઈ જતો હતો. ત્યાં મહિલાની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક શોષણ કરવામાં આવ્યું હતું. લાંબો સમય સુધી હવસ સંતોષ્યા બાદ જ્યારે પીડિતાએ લગ્નનો મુદ્દો છેડ્યો, ત્યારે કાળુએ પોતાનું અસલી રુપ બતાવ્યું હતું. તેણે લગ્ન કરવાની સાફ ના પાડી દઈ બિભત્સ ગાળો ભાંડી હતી.